# કુંભણ ગામે ૧૭મો ઈનામ વિતરણ સમારોહ

શ્રી ખરક જ્ઞાતિ કુંભણ દ્વારા બાળકોની પીઠ થાબડવા તેમજ અભ્યાસ વિષયક પ્રોત્સાહન પુરૂ પાડવા સં.૨૦૭૮ના શ્રાવણ વદ-૭ને ગુરૂવાર તા. ૧૮-૦૮-૨૦૨૨ના રોજ શ્રી રામ વાડી (ખરકજ્ઞાતિની વાડી) કુંભણ ખાતે સમસ્ત ખરક જ્ઞાતિ કુંભણનો ૧૭મો ઈનામ વિતરણ સમારોહ શ્રી હરીભાઈ વળીયા (માજી ઉપસરપંચશ્રી)ના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. જેમાં વિશેષ ઉપસ્થિતિ રૂપે ડૉ. ધીરજભાઈ ખોડિફાડ, ડૉ. કનુભાઈ ભુત, કમલેશભાઈ ભુત, પાંચાભાઈ પટેલિયા તથા કાનજીભાઈ કોરડીયા જેવા આગેવાનો તેમજ સમસ્ત જ્ઞાતિ બંધુઓ, માતાઓ અને બાળકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત દિપ પ્રાગટ્ય તેમજ પ્રાર્થના થી કરવામાં આવી હતી, ત્યારબાદ શિક્ષક હરેશભાઈ વળીયાએ કાર્યક્રમની દોર હાથમાં લેતા દાતાશ્રીઓ અને મહેમાનો નો સન્માન કાર્યક્રમ અને ધોરણ ૧ થી ૧૨ના જ્ઞાતિના તેજસ્વી વિધાર્થીઓને ઈનામ આપીને પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત જ્ઞાતિના બાળકો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરવામા આવ્યા હતા. કાર્યક્રમના અંતે શ્રી ગીરધરભાઈ કાપડીયાએ આભાર વિધિ કરી હતી. આ સમગ્ર કાર્યક્રમ સફળ બનવવામાં શામજીભાઈ ખોડિફાડ, હરેશભાઈ વળીયા, શૈલેષભાઈ દેસાઈ, દિલીપભાઈ સેંતા, પાંચાભાઈ ખોડિફાડ, ભરતભાઈ કોરડીયા, પ્રાગજીભાઈ કાપડીયા, દિપકભાઈ સેંતા જેવા યુવા મિત્રોએ ભારે જેહમત ઉઠાવી હતી.

E-mail Address :- kharaksamajkumbhan@gmail.com